આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૫ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આનંદ એક અમૃત છે, પણ તેને મેળવવા માટે મંથન કરવું જોઇએ, તેને દુઃખના વલણોમાંથી જ પામી શકાય છે

- મનુસ્મૃતિ

# ગાંધીનગર જિલ્લામાં મંદીની ઘેરી અસર

## રોકાણકારો દ્વારા ઘટતા જતા રોકાણો, લોન લેનારાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો
## સ્થાવર મિલ્કતોની ખરીદીનું ઘટતુ જતુ પ્રમાણ જ્યારે જમીન લે-વેચના સોદા લગભગ ઠપ્પ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં મંદીની અસરો ધીમી ગતિએ દેખાવા લાગી છે અને લોકો હવે આવશ્યક ખર્ચ સિવાયના ખર્ચાઓ પર કાપ મુકી રહ્યા છે.

જિલ્લામાં મંદીની અસરો ધીમી ગતિએ ઘેરી બની રહી છે અને રોકાણકારો દ્વારા રોકાણો ઘટી રહ્યા છે એટલુ જ નહિ બેંકોમાંથી પણ ધિરાણ લેનારાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. બેંકિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ઘણી બધી બેંકોએ ત્રિમાસિક ગાળાના ધિરાણમાં ૭૦ થી ૭૫ ટકા સુધીના લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે. ઘણી બેંકોમાં આ કામગીરી ૯૦ ટકા સુધી પહોંચવા પામી છે.

જિલ્લામાં મંદીના માહોલની સીધી અસરો સ્થાવર મિલ્કતોની ખરીદી પર પણ જોવા મળી રહી છે. જિલ્લામાં સ્થાવર મિલ્કતોની ખરીદીના પ્રમાણમાં જોરદાર ઘટાડો નોંધાયો છે તો જમીન લે-વેચની બાબત લગભગ ઠપ્પ જેવી થઈ જવા પામી છે.

જિલ્લામાં દસ્તાવેજોની નોંધણીમાં પણ ઘટાડો નોંધાતા તેની સીધી અસર સરકારની આવક પર પડી રહી છે.

મળતી વિગતો પ્રમાણે રિઝર્વ બેંકે હાઉસીંગ લોનમાં ડાઉન પેમેન્ટ માટે નવી જારી કરેલી સૂચના પછી તેની અસરો હવે બજાર પર પડતી જોવા મળશે.

અર્થતંત્રમાં જે રીતે વસ્તુઓના ભાવ વધી રહ્યા છે તેને ધ્યાને રાખી હવે સામાન્ય માણસો આવશ્યક ખર્ચ સિવાયના અન્ય ખર્ચને ટાળી રહ્યા છે. તેમજ શક્ય હોય ત્યાં સુધી બચત કરવાના મૂડમાં વધુ જણાયા છે.

બેંકોમાં અને પોષ્ટમાં ડિપોઝીટોની માત્રામાં વધારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત શેરબજારની વધઘટથી ગાંધીનગરાઓ વધારે પરેશાન છે. એક સમયે જિલ્લાની શેરોના રોકાણમાં એક આગવી ઓળખ હતી.

જિલ્લામાં મંદીનો ભરડો આગામી દિવસોમાં વધુ જોવા મળે તેવા સંકેતો અર્થશાસ્ત્રના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.



હર હર મહાદેવ - પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે પાર્થેશ્વર મહાદેવના શીવલીંગની મહાપૂજા પંચદેવ મંદિરના પ્રાંગણમાં યોજાશે.... ગાંધીનગરના પ્રત્યેક સેક્ટરમાંથી માટી એકત્ર કરી નગરની એકતાના પ્રતિકરૂપ વિધિવત પૂજન-અર્ચન સાથે પાર્થેશ્વર શીવલીંગની અલૌકિક સ્થાપના કરાઈ છે... ભગવાન શંકરની આરાધનાના આ પવિત્ર દિવસોના અંતિમ ચરણમાં ભાવિકો ભાવપૂર્વક હર હર મહાદેવના જયઘોષ સાથે પૂજન-અર્ચન કરી ભોળાનાથને રાજી કરશે... (તસવીર : દિપક જાની)

# સીએનજીમાં ભાવ વધારો

ગાંધીનગર, તા.૪

જીએસપીસી દ્વારા આજે ઔદ્યોગિક અને સીએનજી ગેસના ભાવમાં વધારો કરવામાં આવતા આમ પ્રજા ઉપર વધુ એક આર્થિક ભારણ આવવા પામ્યું છે.

જી.એસ.પી.સી. દ્વારા આજે ઔદ્યોગિક ગેસમાં રૂ. ૧.૯૦નો વધારો કરવામાં આવતાં હવે ઔદ્યોગિક ગેસનો ભાવ રૂ. ૩૫.૫૦ થી વધીને એસ.સી.એમ.નો ભાવ રૂ. ૩૭.૪ થવા પામેલ છે. જયારે સી.એન.જી.





ગેસના ભાવમાં સીધો જ રૂ. ૩નો વધારો કરવામાં આવતાં સી.એન.જી.ગેસનો એસ.સી.એમ.નો ૧ કીલો ગેસનો ભાવ હવે રૂ. ૬૩થી વધીને રૂ. ૬૬.૩૦ થવા પામ્યો છે.

જી.એસ.પી.સી. દ્વારા ઔદ્યોગિક અને સી.એન.જી. ગેસમાં કરવામાં આવેલો ભાવવધારો આજ મધ્યરાત્રીથી જ અમલી બનવા પામ્યો છે.

સી.એન.જી. ગેસમાં રૂ. ૩નો જંગી વધારો કરવામાં આવતા સી.એન.જી. ગેસનો વપરાશ કરતાં વાહન ચાલકો પર મોટું આર્થિક ભારણ આવવા પામ્યું છે. એટલું જ નહીં હવે રીક્ષાના ભાડામાં પણ વધારો તોળાઈ રહ્યો છે અને તેની સીધી જ અસર આમ પ્રજા પર આર્થિક ભારણ આવશે.

ઔદ્યોગિક ગેસમાં પણ રૂ. ૧.૯૦ નો વધારો કરવામાં આવતાં નાના ઔદ્યોગિક એકમો પર પણ આર્થિક ભારણ આવતાં આ એકમોને મુશ્કેલીનો સામનો કરવો પડશે.



તરણેતરના મેળે - તરણેતરનો મેળો એ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિનું પરંપરાગત પ્રતિક છે. છત્રી અને નૃત્ય એ તરણેતરના મેળાની આગવી ઓળખ છે... ગુજરાતના લોકજીવનનું સૌંદર્ય માણવા તરણેતરનો મેળો એનું એકમાત્ર સરનામું છે...

# આવતીકાલે કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધનું એલાન

અમદાવાદ, તા.૦૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલે એક સંયુક્ત પત્રકાર પરીષદમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા દશકાથી રાજકીય હત્યાઓ અને રાજકીય ભ્રષ્ટાચારે માજા મુકી છે. છેલ્લા ત્રણ દિવસમાં બહાર આવેલી ઘટનાઓએ સમગ્ર દેશને હચમચાવી મુકયો છે. ભાજપ સરકારની ગુનાહીત માનસિકતા અને કાવત્રાનો અસલ ચહેરો ખુલ્લો પડ્યો છે. જેની સામે કોંગ્રેસપક્ષ દ્વારા લોકતંત્રના હિતમાં અને પ્રજાહિતમાં ૬ સપ્ટેમ્બરના રોજ ગુજરાત બંધનું એલાન જાહેર કરે છે અને આ બંધમાં જોડાવવા માટે નાગરિકોને અપીલ કરે છે.

કોંગ્રેસપક્ષના નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હુકમનું અક્ષરશઃ પાલન કરનાર અને હાલ નકલી એન્કાઉન્ટર કેસમાં જેલમાં બંધ એવા ડીઆઈજી કક્ષાના

● અનુસંધાન પાન-૭ પર




# પોષણક્ષમ ભાવ ન મળતા કિસાનો દિલ્હીમાં અધિકાર રેલીમાં જોડાશે

ગાંધીનગર, તા.૪

ખેત પેદાશના પોષણક્ષમ ભાવ તેમજ બીજ ઉપર કિસાનોને જ અધિકાર મળે તેવી વિવિધ માંગણીઓ સંતોષવા ભારતીય કિસાન સંઘ દ્વારા આગામી ૧૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હી રામલીલા મેદાનમાં કિસાન અધિકાર રેલીમાં જોડાવાનો નિર્ણય લીધો છે.

ભારતીય કિસાન સંઘ પૂર્ણ તાલિમ કાર્યકર્તા રામુભાઈ શેરથિયાના જણાવ્યા મુજબ આજે કિસાનોએ ફરજ પૂર્ણ કરતાં ૨૫૫૦ લાખ ટન અનાજથી દેશના ભંડાર ભરી દીધા છે તેમ છતાં પોષણક્ષમ ભાવ ન મળવાના કારણે કિસાન બંધુઓ ખેતીથી દૂર જઈ રહ્યા છે. દાઝયા પર મીઠું નાખવાવાળા દેશ ચલાવવાવાળા લોકો આજે ખેતી સંબંધિત કિસાનોના બધા અધિકાર ઝુંટવી લેવાનું ષડયંત્ર કરી રહ્યા છે. જમીન પડાવી લેવામાં આવે છે તો બિયારણ અંગે પણ ખોટા નિયમોથી આપણા નિયંત્રણથી બહાર લઈ જઈ રહ્યા છે. પાણીના ખાનગી અધિકારોનું ખાનગીકરણ, ડીઝલ, ખાતર અને અન્ય ઈનપુટ પણ મોંઘા દાટ થઈ રહ્યાં છે. બધાં જ બજાર પર ખાનગી કું.એ કબ્જો કરી દીધો છે. આવી વિડંબણા ભરી સ્થિતિમાં પણ કિસાનો ૧૨૧ કરોડની જનતાનું પેટ ભરવાનું કામ કરી રહ્યા છે. નિકાસ માટે પણ અનાજનું ઉત્પાદન કરીને દેશને આર્થિક રીતે મજબુત બનાવી દીધો છે. તેમ છતાં તમામ સમસ્યાઓનો ઉકેલ થયેલ નથી ત્યારે હવે ના છૂટકે દેશના કિસાનોએ દિલ્હી સુધી અવાજ પહોંચાડવાનો સમય આવ્યો છે.

વધે નામના તમારી એવી શુભકામના અમારી
25 વર્ષ સફળતાના
જન્મદિવસની શુભકામનાઓ...
LIC
કમલેશ ઉપાધ્યાય
ચીફ લાઈફ ઈન્સ્યોરન્સ એડવાઈઝર
(એજન્ટોની નિમણુંક કરનાર)
મો. ૯૮૨૪૨ ૭૧૮૫૮
● શું આપને ફ્રી સર્વિસટેક્ષ ઈન્સ્યોરન્સ જોઈએ છે ?
● શું આપે આપનું રિટાયરમેન્ટ પ્લાનીંગ કર્યું છે ?
● શું આપે આપના બાળકનું એજ્યુકેશન પ્લાનીંગ કર્યું છે?
શુભેચ્છક : પોલીસી ધારકો ● મિત્રો ● સ્નેહીજનો
ઓફીસ : શોપ નં.૬, શ્રી લાઈફ પ્રીમીયમ પોઈન્ટ, સેક્ટર-૨૪, શ્રીનગર મેઈન શોપીંગ, ગાંધીનગર. ફોન : ૯૯૨૪૬૬૬૦૦૯
અમારે ત્યાં ભારતભરની શાખાનું પ્રિમિયમ લેવામાં આવે છે.

અગરબત્તીના વ્યવસાયમાં જોડાઈને અઢળક કમાવો
બાય બેક ગેરંટી સાથે
Zon Works Pvt. Ltd.
294/1, Sector-7-A, Ch-2 Circle, Ch Road, GANDHINAGAR. M. : 9712666655

પવિત્ર શ્રાવણ માસ નિમીતે........ફરાળી અલ્પાહાર
વૃન્દાવન
SECTOR - 21
A-12, District Shopping Centre, Nr. Reliance, Sector 21, Gandhinagar Phone: 079 2324 7788, 6572 7788
SECTOR - 07
4, Main Shopping Center, Sector-7, Gandhinagar (Guj.) Ph: 079 2322 4466 6572 6112
SECTOR - 03
3664, Main Shopping Center, Sector-3, Gandhinagar (Guj.) Ph: 079 6572 6140
સ્પે. ફરાળી ચાટ: ફરાળી બાસ્કેટ ચાટ, ફરાળી આલુ ચાટ, ફરાળી દહીવડા, ફરાળી આલુ ટીક્કી, ફરાળી ખીચડી/પાત્રા, ફરાળી ચાટ ભેળ-પુરી, ફીંગર ચીપ્સ
સ્પે. ફરાળી નમકીન: ફરાળી ડ્રાયફ્રુટ ચેવડો, ફરાળી લીલો ચેવડો, ફરાળી ફુદીના ચેવડો, ફરાળી કેળા ચેવડો, ફરાળી સુકીભેળ/સેવ, ફરાળી ફુલવડી/ટમટમ, ફરાળી તળવાવડાં/પુરી
સ્પે. ગરમા-ગરમ: ફરાળી બફવડાં, નાળીયેર પેટીસ, સાબુદાણા પેટીસ, રતાળુ કટલેશ, ફરાળી પાતરા, ફરાળી ખીચડી
જય અંબે સ્વીટ માર્ટ
JAY AMBE SWEET MART
2, Main Shopping, Sector-22, Gandhinagar (Guj.) Phone: 2322 6069
BRANCH
Opp. IBP Petrol Pump, GH-5 Corner, Sector-22, Gandhinagar. Phone: 2324 9450